## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



તે કીધુ એ સાચૂ પડ્યું... ફાટેલા કપડા પહેરીને રીપોર્ટ કરાવ્યો તો... નોર્મલ આવ્યો...

# સ્વર્ણિમ સંકુલની ઓફિસના ક્લાર્કનો કોરોના પોઝિટિવ

## મંત્રી જયદ્રથસિંહ પરમારની કચેરીમાં ક્લાર્ક તરીકે કામ કરતા ભરતસિંહ ડાભીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર ખાતે આવેલા સ્વર્ણિમ સંકુલમાં કોરોના વાયરસે દસ્તક દીધી છે. અહીં સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે એક મંત્રીની કચેરીના ક્લાર્કનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જે બાદમાં મંત્રીની ઓફિસના તમામ કર્મીઓને હોમ ક્વૉરન્ટીન કરી દેવામાં આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે મંત્રી જયદ્રથસિંહ પરમારની કચેરીમાં ક્લાર્ક તરીકે કામ કરતા ભરતસિંહ ડાભીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જે બાદમાં કચેરીના તમામ સ્ટાફને હૉમ ક્વૉરન્ટીન કરી દેવામાં આવ્યા છે. ઓફિસ ખાતે ફક્ત મંત્રીના પીએ અને પીએસ હાજર રહેશે. કોરોનાનું સંકમણ વધી રહ્યું છે તેને નાથવા માટે રાજ્ય સરકારે માસ્ક નહીં પહેરનાર પાસેથી ૫૦૦ રૂપિયા દંડ લેવાનો નિર્ણય કર્યો છે. મંગળવારે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ વિધાનસભામાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. તેઓ વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીના કાર્યાલય પર ગયા હતા.

તેઓએ વિપક્ષના નેતા ઉપરાંત વિધાનસભાના સચિવ ડી. એમ. પટેલની કચેરીની મુલાકાત લીધી હતી. ચેકિંગ દરમિયાન ચાર વ્યક્તિ માસ્ક પહેર્યા વગર મળી આવ્યા હતા. જેમને તેઓએ ૫૦૦ રૂપિયા લેખે દંડ કર્યો છે. બીજી તરફ હવે વિધાનસભામાં કોઈ માસ્ક વગર બીજી વખત પકડાશે તો તેમને ૧,૦૦૦ રૂપિયા દંડ અને ત્યાર બાદ અધ્યક્ષના આદેશના અનાદરની નોટિસ આપવામાં આવશે. ગઈકાલ મંગળવારના દિવસે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧,૧૦૮ નવા કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૧૩,૧૯૮ પર પહોંચી ગઈ છે. જોકે, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧,૦૩૨ દર્દી સાજા પણ થયા છે.

આમ રાજ્યમાં સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૪૨,૪૧૨ પર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૨૪ દર્દીનાં મૃત્યું થયા છે. રાજ્યમાં કોરોનાના દર્દીનાં મોતની સંખ્યા ૨,૩૭૨ પર પહોંચી ગઈ છે.

## ખૂણેખાંચરેથી

- ઓગષ્ટ માસના પ્રથમ સપ્તાહમાં જ દરેક જિલ્લાઓમાં પ્રતીક વન મહોત્સવની ઉજવણીનું આયોજન કરવાની વિચારણા રાજ્યના વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર મહાનગર પાલિકામાં કમિશનર બાદ નવા નિમાયેલા નાયબ મ્યુનિ. કમિશનર પણ તબીબ છે.
- ગાંધીનગર જિલ્લામાં વહીવટીતંત્રએ ગિયર બદલી હવે પ્રજાલક્ષી વિવિધ યોજનાઓના અમલીકરણ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.
- ગાંધીનગર શહેરમાં વધતા જતા કોરોનાના કેસોને પગલે ધન્વન્તરી રથ જે હાલ ૬ છે તેના બદલે તેમાં વધુ ૪ રથ ઉમેરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી લોકોના આરોગ્યની ચકાસણીની કામગીરી ઝડપી બનશે.
- ગાંધીનગર શહેરમાં ૧૬૦ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના વિસ્તારો જાહેર કરાયા છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૫૦ થી વધુ વિસ્તારોને કન્ટેનમેન્ટ જોનમાં આવરી લેવામાં આવ્યા છે.

# કોરાના ઈફેકટ ગુડાના સાયકલ સ્ટેન્ડમાં પણ લાંબા સમયથી બિન ઉપયોગી

## નાગરિકો મોર્નિંગ વોક કરવા સહીત સાયકલીંગ કરવાનુ પણ ટાળી રહ્યા છે

ગાંધીનગર તા ૨૯

કોરોનાના કહેર વચ્ચે નગરનુ જનજીવન પણ વિશેષ રીતે પ્રભાવિત થયુ છે. નગરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો પણ બદલાયો છે. રાત્રિના સમયે આમ પણ કરફયુની સ્થિતિમાં વિશેષ અવરજવર જોવા મળતી નથી બીજીતરફ મોર્નિંગ વોક કરનારાઓની પણ સંખ્યા ઘટી છે. જયારે ગુડાના સાયકલ સ્ટેન્ડ પર પણ ટ્રીન ટ્રીન સંભળાતી બંધ થઈ ગઈ છે. નગરના મુખ્યમાર્ગો પર ગુડાના સાયકલ સ્ટેન્ડ પર એક સમયે સાયકલીંગ માટે યુવક યુવતિઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળતો હતો પરંતુ હાલ કોરોના ઈફેકટના લીધે સાયકલીંગ કરવાનુ પણ નાગરિકો ટાળી રહ્યા છે.

શહેરમાં લોકડાઉનના સમયગાળા દરમિયાન વેપાર ધંધા ઠપ્પ થવાની સાથે નગરમાં સુનકાર વ્યાપ્યો હતો છેલ્લા ચાર મહીનાથી કોરોનાના કહેર વચ્ચે જનજીવનનો સિનારિયો બદલાયેલો જોવા મળે છે. નગરમાં હજુ થિયેટર , ઉદ્યાનો પણ બંધ છે. ત્યારે કામ સિવાય નાગરિકો ઘરની બહાર નિકળતા નથી આવા સંજોગોમાં સવારના સમયે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા પણ ઘટી છે. નાગરિકો વોકીંગ કરવા માટે ધાબાનો વિકલ્પ પણ અપનાવી રહ્યા છે જયારે સેકટરવાસીઓ પોતાની સોસાયટીમાં જ વાકીંગ કરી લેવાનુ મુનાસીબ માની રહ્યા છે. ત્યારે બગીચાઓમાં પણ કોરોનાના કહેર વચ્ચે એકલ દોકલ વોકર્સ સિવાય પરિવારજનો જવાનુ ટાળી રહ્યા છે. બીજીતરફ કોરોના કાળ દરમિયાન ગુડાના સાયકલ સ્ટેન્ડ પણ લાંબા સમયથી બિનઉપયોગી હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. ગુડાના સાયકલ સ્ટેન્ડમાં સાયકલ ચલાવવા માટે કોઈ મુલાકાતી આવતા નથી સાયકલ સ્ટેન્ડના સંચાલકો પણ આ સ્થિતિ વચ્ચ ટાઈમ પાસ કરી રહ્યા છે. કોરાના કાળ પુર્વે ગુડાના સાયકલ સ્ટેન્ડ પર સાયકલ મેળવવા માટે યુવક યુવતિઓની ભીડ જોવા મળતી હતી અલબત્ત સ્ટેન્ડ પર સતત ચહલ પહલ જોવા મળતી હતી પરંતુ કોરોનાના કહેર વચ્ચે યુવાવર્ગ પણ સાઈકલીંગ કરવા માટે નિકળતા નથી ગણ્યાગાંઠયા યુવાનો સિવાય હાલ સાઈકલીંગ માટે પણ નાગરિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળતો નથી ગુડા દ્વારા આમ નાગરિકોની સુખાકારીને ધ્યાને લઈ શહેરના મુખ્યમાર્ગો પર વિવિધ ઠેકાણે સાયકલ સ્ટેન્ડનુ નિર્માણ કરાયુ છે. ત્યારે હાલ છેલ્લા ઘણાં સમયથી સાઈકલ સ્ટેન્ડ પર ટ્રીન ટ્રીન સંભળાતી નથી. જો કે સેકટરોની સોસાયટીમાં રહેતા યુવાનો પોતાની સાયકલ લઈને એકસરસાઈઝ કરવાનુ ચુકતા નથી.




# દેશની સર્વગ્રાહી શિક્ષણ નીતિ ૨૦૨૦ને આવકારતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

## એક ભારત શ્રેષ્ઠ ભારતના નિર્માણમાં મહત્વનો ભાગ ભજવશે

ગાંધીનગર, તા. ૨૯

કેન્દ્ર સરકાર દ્વારા દેશના સર્વગ્રાહી વિકાસ માટે શિક્ષણનો સર્વગ્રાહી સુધારનો નિર્દેશ કરતી શિક્ષણ નીતિ ૨૦૨૦ને રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આવકારી છે.

શિક્ષણ મંત્રી શ્રી ચુડાસમાએ આ નીતિને આવકારતા કહ્યું કે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના એક ભારત શ્રેષ્ડ ભારતના નિર્માણમાં આ નવી શિક્ષણ નીતિ અનેરૂ યોગદાન આપશે અને મહત્વનો આયામ સિદ્ધ થશે.

તેમણે ઉમેર્યુ કે, નવી શિક્ષણ નીતિ નક્કી કરવા સમગ્ર દેશમાંથી ૨,૨૫,૦૦૦ થી વધારે સૂચનો સાથેની રાષ્ટ્રવ્યાપી કવાયત બાદ તૈયાર થયેલી નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ની ઘડતર પ્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન કરવા બદલ રાજ્ય સરકાર વતી ભારત સરકારને અભિનંદન આપી આવકારી છે.

તેમણે ઉમેર્યુ કે, આ નવી શિક્ષણ નીતિના પરિણામે ગુજરાતના શિક્ષણ ક્ષેત્રને પણ વેગ મળશે અને રાજ્યના વિદ્યાર્થીઓને પણ વધુ સારૂ શિક્ષણ પુરુ પાડવામાં ઉપયોગી નિવડશે.

# આગામી અઠવાડિયે પુનઃ વરસાદી માહોલ

ગાંધીનગર, તા. ૨૯

છેલ્લા કેટલાક દિવસોથી વરસાદનુ જોર ઘટી ગયુ છે. છુટા છવાયા ઝાંપટા જ પડી રહ્યા છે. જો કે આગામી અઠવાડિયે ગુજરાતના સમગ્ર ભાગોમાં વરસાદનું જોર રહેશે. ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે આગાહી કરી છે કે આગામી તા. ૪ થી ૮ ઓગષ્ટ દરમ્યાન રાજ્યમાં ભારે વરસાદ પડી શકે છે.

ગુજરાતના ભાગોમાં હમણા વરસાદ હોવા છતાં એવા ઘણા ભાગો છે જ્યાં હજુ વરસાદ નથી, ક્યાં તો વરસાદી ઝાંપટા છે. ગ્રહો તેમજ અન્ય આધારે જોતા જુલાઈ તા. ૩૦, ૩૧ માં વરસાદનું પ્રમાણ વધે, અરબી સમુદ્રનું વહન અને બંગાળના ઉપસાગરનું વહન સક્રિય થતાં ઉત્તર મધ્ય ગુજરાતના ભાગોમાં ઓગષ્ટ તા. ૪ થી ૮ માં ભારે વરસાદ લાવે. આ અરસામાં મહારાષ્ટ્રના ભાગોમાં ૮ ઈંચ કે તેથી વધુ વરસાદની શક્યતા રહે. મહારાષ્ટ્રના વરસાદના લીધે ખાંડદેશ, ધુલીયા તેમજ ગુજરાતના નજીકના ભાગોમાં પણ સારો વરસાદ પડે. સાપુતારાના ભાગો અને રાજપીપળાના ભાગોમાં પણ સારો વરસાદ પડે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં આહવા, ડાંગ, વલસાડના ભાગોમાં ભારે વરસાદ પડે. કોઈ કોઈ ભાગોમાં પાંચ ઈંચ કે તેથી વધુ વરસાદની શક્યતા રહે. સુરત, નવસારી, બારડોલીના ભાગો, ભરૂચ, નર્મદાના ભાગોમાં પણ વરસાદની શકયતા છે. મધ્ય ગુજરાતના ભાગોમાં પણ ભારે વરસાદ પડે. આણંદ, વડોદરાના ભાગોમાં ભારે વરસાદ પડે. અમદાવાદના ભાગોમાં ભારે વરસાદ પડે, ગાંધીનગરના ભાગોમાં પણ વરસાદ પડે, ઉત્તર ગુજરાતના ભાગોમાં અરવલ્લીના ભાગો, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, હારીજ, બેચરાજી, કડી વગેરે ભાગોમાં પણ વરસાદ પડે. ઉપરાંત વિરમગામના ભાગો, માંડલ, લીમડી, ચુડા, ચોટીલા, સુરેન્દ્રનગર જિલ્લાના ભાગોમાં પણ વરસાદ પડે. મધ્ય-સૌરાષ્ટ્રમાં પણ વરસાદ પડે.

મહિસાગર, પંચમહાલમાં પણ વરસાદ પડે. તા. ૧૬ થી ૨૩ ઓગષ્ટ વરસાદ રહે પણ આ અરસામાં વરસાદી ઝાંપટા ક્યાંક ક્યાંક પડે, મધ્ય નક્ષત્રનું વરસાદી પાણી ખેતી માટે સારૂ રહે. ૨૪ ઓગષ્ટથી વરસાદનું પ્રમાણ વધે. ઓગષ્ટ તા. ૨૯ થી સપ્ટે. તા. ૨ રાજસ્થાનના ભાગો, મધ્યપ્રદેશના ભાગો તેમજ ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ પડે. ઓગષ્ટ માસના વરસાદથી વરસાદની ઘટ પુરી થઈ શકે તેવી ધારણા રહે. બાકી વરસાદ તો કુદરતની દેન છે. આ માત્ર અંદાજ છે.

# ભવિષ્યમાં કેસો ક્યાં વધશે તે કહી ના શકાય : રુપાણી

## રાજકોટ અને વડોદરામાં કેસો વધી રહ્યા હોવાનું જણાવતા રુપાણીએ કહ્યું ગ્રામ્ય કરતા શહેરમાં સંક્રમણનો વધુ ભય

રાજકોટ, તા.૨૯

દેશભરમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે, ત્યારે ગુજરાતની સ્થિતિ અન્ય રાજ્યોની સરખામણીએ સારી હોવાનો દાવો સીએમ રુપાણીએ કર્યો છે. આજે ઉચ્ચ અધિકારીઓ તેમજ ડે. સીએમ નીતિન પટેલ સાથે રાજકોટ પહોંચેલા સીએમ રુપાણીએ કહ્યું હતું કે કોરોનાનો મૃત્યુદર પણ રાજ્યમાં ઘટ્યો છે. આ સિવાય કોરોનાના સૌથી વધુ કેસ ધરાવતા અમદાવાદ અને સુરતમાં પણ સ્થિતિ કાબૂમાં હોવાનો સીએમે દાવો કર્યો હતો. હવે રાજકોટ અને વડોદરામાં કેસ વધી રહ્યા છે તેમ જણાવતા રુપાણીએ કહ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોની સરખામણીએ શહેરોમાં વધુ કેસો આવી રહ્યા છે, ત્યારે રોગચાળા પર કાબૂ મેળવવા માટે સરકાર માઈક્રો લેવલે પ્લાનિંગ કરાઈ રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે કોરોના સંપૂર્ણપણે નષ્ટ થયો છે તેવું તો ના કહી શકાય, અને આગામી સમયમાં ક્યાં-ક્યાં કેસ વધશે તે પણ કહી ના શકાય. અમેરિકાનું ઉદાહરણ આપતા તેમણે જણાવ્યું હતું કે વિકસિત દેશો પણ કોરોના સામે ઝઝૂમી રહ્યા છે. સીએમે કહ્યું હતું કે, લોકોનો વિશ્વાસ જળવાઈ રહે, ગભરાઈ ના જાય તો જ કોરોના સામેની લડાઈને જીતી શકાશે.




અમદાવાદનો દાખલો આપતા રુપાણીએ કહ્યું હતું કે જ્યાં કેસો સૌથી વધુ હતા ત્યાં હવે કાબૂ મેળવી લેવાયો છે. અમદાવાદમાં કોરોના સામે જે કામગીરી કરાઈ તેની ચર્ચા હાલ આખા દેશમાં થઈ રહી છે.

સુપ્રીમ કોર્ટે પણ તેની નોંધ લીધી હોવાનું સીએમે કહ્યું હતું. રુપાણીએ એમ પણ જણાવ્યું હતું કે એક સમયે કેરળે કોરોના પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો છે તેવા દાવા થતા હતા, આજે ત્યાં દસ હજારથી વધુ એક્ટિવ કેસ છે, અને તે મોડેલ સ્ટેટ નથી રહ્યું. તેમણે કહ્યું હતું કે કોરોનાથી સાજા થઈ જનારા વ્યક્તિને ફરી તેનો ચેપ નથી લાગતો. રાજ્યમાં ટેસ્ટિંગ વધ્યું હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે હાલ રોજના ૨૨,૦૦૦ ટેસ્ટ થઈ રહ્યા છે.

# અમિતભાઈ શાહના મત વિસ્તારમાં વિકાસ કાર્યોના આયોજન અંગે બેઠક

ગાંધીનગરના સાંસદ અને દેશના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહના મત વિસ્તારમાં વિકાસ કાર્યોના આયોજન અંગે મળેલ બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી જિલ્લા કલેકટરશ્રી કુલદીપ આર્યએ વારાણસી જિલ્લાના સેવાપૂરી બ્લોકના વિકાસ આયોજન મોડલ મુજબ છ માસ તથા એક વર્ષના લક્ષ્યાંક સાથે જિલ્લા કક્ષાના સબંધિત વિભાગના કામોનું કાર્ય આયોજન કરી. તાકીદે રજૂ કરવા ઉપસ્થિત જિલ્લાના અધિકારીઓને હતું.

જેમાં વિવિધ સેકટરો માટે રાજય સરકારની યોજનાઓ તેમજ ભારત સરકારની યોજનાઓનું સંકલન કરીને કામગીરી હાથ ધરવા ભાર પૂર્વક જણાવ્યું હતું.



ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓનો લક્ષ્યાંક નક્કી કરી ૧૦૦ ટકા પૂર્ણ થાય તે માટેનો એકશન પ્લાન તૈયાર કરી કયા ગામ તથા વોર્ડમાં કઈ તારીખ સુધીમાં લક્ષ્યાંક પૂર્ણ થશે તેની પણ માહિતી મોકલવા અને તેના અમલીકરણ માટે તાત્કાલીક કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર જણાવ્યું હતું.

તેમણે મતક્ષેત્રના તમામ ગામોના વિકાસકાર્યો માટે આવેલ વિવિધ માગણીઓની સમરી બનાવીને સરકારની કઈ યોજના હેઠળ તેનો સમાવેશ કરી શકાય તેનું પત્રક પણ દિન- ૧૫માં મોકલી આપવા તથા મતક્ષેત્રમાં ગોમોને જોડતા રસ્તાઓની સ્થિતિની અનેગામ તળાવોની વર્તમાન સ્થિતિની સમિક્ષા કરી અહેવાલ મોકલી આપવા તેમજ ભારત સરકાર અને રાજય સરકારમાંથી મળેલ ગાઈડ લાઈનનો અભ્યાસ કરી તે મુજબ કાર્ય આયોજન કરી અમલીકરણ માટે તાત્કાલિક કાર્યવાહી કરી વિભાગ દીઠની પ્રગતિ દર મહિને ૧ થી ૩ તારીખ સુધીમાં મળી જાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

# રાજકોટમાં ૨૫૦૦ બેડની કોવિડ હોસ્પિટલ બનશે : રૂપાણી

રાજકોટ,તા.૨૯

સૌરાષ્ટ્ર સહિત રાજકોટમાં કોરોના વાયરસનાં સંક્રમણના કેસ વધવાને કારણે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ રાજકોટની સમીક્ષા કરવા જિલ્લા કલેક્ટર કચેરી પહોંચ્યા છે. કલેક્ટર કચેરીમાં કોરોનાની મહામારી અંગે કલેક્ટર, કમિશનર, કે. કૈલાશનાથન, અનિલ મુકિમ, જયંતિ રવિ, સાંસદ રમેશ ધડુક સહિત ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી છે. અહીં સીએમ વિજય રૂપાણીએ મીડિયા સાથેન વાતચીતમાં મહત્વની વાત જણાવી છે. તેમણે કહ્યું કે, રાજકોટમાં ૨૫૦૦ બેડની કોવિડ બેડની વ્યવસ્થા કરવામાં આવશે. સીએમ વિજય રૂપાણીએ જણાવ્યું કે,કોવિડ મામલે અન્ય રાજ્યો કરતા ગુજરાતની સ્થિતિ સારી છે. રાજ્યમાં પહેલા સાત ટકા મૃત્યુદર હતો જેનો ચાર ટકા થયો છે.

રિકવરી રેટ પણ વધીને ૭૪ ટકા થયો છે. ગુજરાત દેશમાં કોરોનાની સ્થિતિમાં ૧૨માં નંબરે આવી ગયુ છે. અમદાવાદની ચર્ચા આખા દેશમાં થઈ રહી છે. સુપ્રીમકોર્ટે પણ કોરનાનું ગુજરાત મોડલ વખાણ્યું છે. સીએમ રૂપાણીએ રાજકોટવાસીઓને વધુમાં જણાવ્યું કે, રાજકોટવાસીઓ ચિંતા ન કરે અહીં કોવિડનાં દર્દીઓ માટે ૨૫૦૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. સૌરાષ્ટ્રનાં મોટાભાગનાં કોવિડ દર્દીઓ રાજકોટમાં આવે છે. આ સાથે રાજકોટમાં કાલથી ડબલ ટેસ્ટ કરવામાં આવે. જેથી વધુ લોકો સંક્રમિન ન થાય. નોંધનીય છે કે, અમદાવાદમાં ૧૫૦૦ બેડની હૉસ્પિટલ છે. મહત્વનું છે કે, રાજકોટ શહેરના ત્રણ ધારાસભ્યો મિટિંગમાં હાજર રહ્યા હતા.

ધારાસભ્યો સાથે રાજકોટ શહેરની પરિસ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. ત્રણ ધારાસભ્યોમાં ગોવિંદ પટેલ, લાખા સાગઠિયા અને અરવિંદ રૈયાણીએ બેઠકમાં હાજરી આપી હતી. આ સાથે રૂપાણીના આગમન પહેલા જ આજે રાજકોટમાં કોરનાથી ૯ લોકોના મોત નિપજ્યા છે. બીજી તરફ જિલ્લા કલેક્ટર કચેરીમાંથી એક શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે. મોતના આંકડામાં જોવા મળતી વિસંગતતા અંગે મુખ્યમંત્રીએ જવાબ માગ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ